# <u>લીગલ કન્સલ્ટન્ટની નિમણૂક માટે શરતો અને બોલીઓ</u>.

૧. લીગલ કન્સલ્ટન્ટને આ જગ્યા પર માસિક રૂ. ૬૦,૦૦૦/- નું એકત્રિત વેતન મળવાપાત્ર થશે. ફિક્સ વેતન પર તેઓને કોઈપણ જાતના અન્ય ભથ્થાં મળવાપાત્ર થશે નહીં.

૨. કરારના સમય દરમિયાન તેઓને એકત્રિત વેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહીં. મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત તથા પગારપંચના બીજા કોઈ લાભો મળવાપાત્ર થશે નહીં.

૩. કરારના સમયગાળા દરમિયાનની નોકરી બદલ પેન્શન, બોનસ, એલ.ટી.સી. એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય નાણાકીય કે સેવાકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

૪. કરારના સમયગાળા દરમિયાન તેઓનું અવસાન થાય તો બજાવેલ સમયગાળાની એકત્રિત લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. બીજા કોઈ નાણાકીય લાભ, એકસ ગ્રેસિયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષંગિક લાભ મળવાપાત્ર થશે નહિં.

૫. તેઓના કામકાજના સમયના કામ માટે કોઇ વળતર ભથ્થું આપવામાં આવશે નહીં.

૬. લીગલ કન્સલ્ટન્ટને સરકારી કામે પ્રવાસ પર જવાનું થાય તો સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે.

૭. તેઓને ૧૧ માસની કરારીય નિમણૂક દરમિયાન ૧૧ (અગિયાર) પરચૂરણ રજા મળવાપાત્ર થશે, અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહીં. અનિવાર્ય સંજોગોના કારણે વધુ રજા લેવાની થાય તો તેઓની ગેરહાજરીના સમયગાળા સામે તેઓને મળનાર વેતનની રકમમાંથી ઘટતી કપાત કરવામાં આવશે.

૮. લીગલ કન્સલ્ટન્ટએ કાર્યમથક પર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર તેઓ મુખ્ય મથક છોડી શકશે નહીં.

૯. સરકારી કામ માટે તેઓ ચોવીસ કલાક બંધાયેલા છે અને સરકારને તેમની સેવાની જરૂર પડે ત્યારે તેમણે અચૂક હાજર રહેવાનું રહેશે. તેઓ કરારના સમયગાળા દરમિયાન ખાનગી પ્રેક્ટિસ કરી શકશે નહીં.

૧૦. લીગલ કન્સલ્ટન્ટએ પોતાના Email તથા Mobile Number વિભાગના Nodal Officer, કાયદા વિભાગની Monitoring શાખા તથા વિભાગના સચિવશ્રી તેમજ ખાતાના વડાને પૂરા પાડવાના રહેશે.

૧૧. લીગલ કન્સલ્ટન્ટે વિભાગ નિયત કરે તે કચેરી ખાતે ફરજો બજાવવાની રહેશે.

૧૨. તેઓને ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક) નિયમો-૧૯૭૧માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયેથી તેઓના કરારનો સમય કોઈપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.

૧૩. કરારના સમયગાળા દરમિયાન અન્ય જે કોઈ અગત્યની માહિતી તેમના ધ્યાનમાં કે જાણમાં આવે તે માહિતી લીગલ કન્સલ્ટન્ટ ખુલ્લી કરશે નહીં, પ્રગટ કરશે નહીં કે જાહેર કરી શકશે નહીં. પોતે જે માહિતી પ્રાપ્ત કરે તે અંગે તેમણે ગુપ્તતા જાળવવાની રહેશે.

૧૪. લીગલ કન્સલ્ટન્ટની પૂર્ણ સમય માટે માત્ર ૧૧ માસ કરાર આધારિત સેવાઓ લઈ શકાશે. જે જરૂરિયાત પ્રમાણે ૧૧ માસની મુદત માટે વધુ બે ટર્મ સુધી આ સમયગાળો કરારીય સેવાઓની પ્રવર્તમાન જોગવાઈઓને કાયદાકીય બાધ ન આવે તે રીતે વધારી શકાશે.

૧૫. પસંદગી સમિતિ કામગીરીની દર ત્રણ માસે સમીક્ષા કરી, આ સેવાઓ જો સંતોષકારક જણાશે નહીં તો એક માસની નોટિસ આપી સેવાઓનો અંત લાવી શકાશે. વધુમાં, અધવચ્ચેથી પણ તેઓની કરાર આધારિત સેવાનો અંત બન્ને પક્ષે ૧ માસની નોટિસથી લાવી શકાશે.એક માસની નોટિસના વિકલ્પે, ૧ (એક) માસનો નોટીસ પે ભરી તાત્કાલિક સેવાનો અંત પણ કરી શકાશે.

૧૬. તેઓને નિમણૂક પત્ર મળ્યા તારીખથી દિન-૭માં વિભાગમાં ફરજ પર હાજર થવાનું રહેશે. જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેઓને આ નિમણૂક સ્વીકાર્ય નથી તેમ ગણીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

## <u>ફરજો/ કામગીરી:-</u>

૧. કાયદાકીય બાબતો અંગે સરકાર પક્ષે સરકાર વતી નામ કોર્ટમાં બચાવ માટે સીધે સીધી રજુઆત માટે ઉપસ્થિત રહેવાનું થશે નહીં પરંતુ સરકારના સંબંધિત સરકારી વકીલને કેસની બીફ સાથે કેસની વિગતોથી અવગત કરવાના રહેશે તથા વિભાગના વડાનાં

નિયંત્રણ હેઠળ કામગીરી બજાવવાની રહેશે.

૨. લીગલ કન્સલ્ટન્ટએ વિભાગ/કચેરી કક્ષાએ કેસોના મોનીટરીંગ, સુપરવિઝન, સંકલન અને કેસની બ્રીફ તૈયાર કરવાની કામગીરી કરવાની રહેશે. દર માસે કેટલા કોર્ટ કેસોનો નિકાલ થયો, તે પૈકી કેટલા કેસમાં સરકાર પક્ષે તેમજ કેટલા કેસોમાં સરકાર વિરુધ્ધ ચુકાદા આવ્યા તેની કોર્ટ કેસવાર ચોક્કસ માહિતી વિભાગના સચિવશ્રીને દર માસે અચૂક રજૂ કરવાની રહેશે.

૩. વિભાગને સંબંધિત લીગલ મેટર્સમાં જરૂરી સલાહ આપી, સરકારી વકીલશ્રીને પણ સહાયરૂપ થઈ શકે તેવા કેસની વિગતો સાથે બ્રીફ તૈયાર કરી જરૂરી કાયદીય સલાહ આપવાની રહેશે.

૪. Law officers (Appointment and Condition of Service) and Conduct of Legal Affairs of government Rules- 2009ની મર્યાદામાં સરકારના કાયદા સલાહકાર (સરકારી વકીલ) ને યોગ્ય સૂચના- માહિતી સમયસર પૂરી પાડવાની રહેશે.

૫. કેસ સંબંધે રિસર્ચ (સંશોધન)ની કામગીરી પણ તેઓ દ્વારા કરવાની રહેશે.

૬. Statement of face અને નોંધ તથા પેરાવાઈઝ રિમાકર્સ તૈયાર કરવા,દસ્તાવેજી પુરાવા/પૂર્તતા કરી સંબંધિત નામ.કોર્ટના સરકારી વકીલશ્રીને પુરા પાડવાની કામગીરી કરવાની રહેશે.

૭. સરકાર વતી સમયસર એફિડેવિટ-ઇન રિપ્લાય તૈયાર કરી સમયસર (Well in time) દાખલ કરવા અને તે મુજબ જયુડિશિયલ/ક્વોસિ જયુડિશિયલ કચેરીઓ/હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટ સમક્ષ સરકારનું હિત/પક્ષ અસરકારક રીતે કોર્ટ સમક્ષ રજૂ થાય અને સરકારનું હિત જળવાઈ રહે તે અંગે પૂરતી કાળજી લેવાની રહેશે.

૮. લીગલ કન્સલ્ટન્ટ તરીકે નિમણૂક પામનારા એડવોકેટશ્રીએ નેશનલ લિટિગેશન પોલિસી અને સ્ટેટ લિટિગેશન પોલિસી અન્વયે રાજ્ય સરકાર વતી કે રાજ્ય સરકાર સામે દાખલ થયા હોય તેવા કેસોના મોનિટરીંગ અને તે કેસોને પૂરા કરાવવા માટે નીચેની બાબતોને ધ્યાને રાખવાની રહેશે.

1. Focusing on core issues involved in the litigation and addressing them squarely.
2. Managing and conducting litigation in a cohesive, coordinated and time bound manner.
3. Ensuring that correct facts and all relevant document will be placed before the court.
4. Pending cases with the government as party to be reviewed on priority basis to enable quick disposal.
5. Propose monitoring and review mechanism to sensitize government in important cases and avoid delay.

૯. વિભાગ અને તેના હેઠળની ખાતાના વડાની કચેરીઓના કેસોની સંખ્યા, તેનું વર્ગીકરણ અને કયા સ્ટેજ પર કેસ છે તે અંગેની માહિતી એકઠી કરવાની રહેશે. તેનું Online Portal પર મોનિટરીંગ કરવાનું રહેશે.

૧૦. લીગલ કન્સલ્ટન્ટે વિભાગ અને તેની હેઠળની ખાતાના વડાની કચેરીઓ નામ.હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટ તેમજ અન્ય સબ ઓર્ડીનેટ કોર્ટસ, ટ્રિબ્યૂનલ્સ કે અન્ય ઑથોરિટી સમક્ષ જે કેસો ચાલતા હોય તેનું અપડેશન દરેક તબક્કે કરવાનું રહેશે અને જે કોઈ હુકમ કે અંતિમ ચુકાદો આવે તે ચુકાદાથી જે તે વિભાગના નોડલ ઓફીસર તથા સચિવશ્રીને લેખિતમાં વાકેફ કરવાના રહેશે.

૧૧. કોર્ટમાં દરેક તારીખે વિભાગના સચિવશ્રી જણાવે તો તે કેસમાં હાજરી આપવાની રહેશે.

૧૨. વિભાગના કેસોમાં હુકમ કે વચગાળાના હુકમ સંબંધે સચિવશ્રી તથા નોડલ ઓફીસરને જાણ કરવાની રહેશે.

૧૩. લીગલ કન્સલ્ટન્ટે વિભાગના કેસો સિવાય મહત્વની બાબતોમાં કે જ્યાં કોઈ કાયદાકીય કે હકીકતના આધારે અભિપ્રાય આપવાનો અપેક્ષિત થતો હોય તો તે આપવાનો રહેશે અને જો કાયદા વિભાગના પરામર્શમાં મેળવવાનો થતો હોય તો તે મેળવી આપવાનો રહેશે.

૧૪. વિભાગના ખાસ કેસો કે જે સરકારશ્રીની અગત્યની પોલિસીને અસરકર્તા હોય તેનું સતત મોનિટરીંગ કરવાનું રહેશે. અને તેનાથી વિભાગના સચિવશ્રીને અવગત કરવાના રહેશે.

૧૫. આ ઉપરાંત, વિભાગના સચિવશ્રી વખતોવખત કોર્ટ કેસ સંબંધી જે કાર્યવાહી સોંપે તે કરવાની રહેશે.

## લીગલ કન્સલ્ટન્ટની કરાર આધારિત ભરતી બાબત.

મહિલા અને બાળ વિકાસ વિભાગ ખાતે ૧૧ માસના કરાર આધારિત માસિક રૂ.૬૦,000/-(અંકે રૂપિયા સાઈઠ હજાર પૂરા)ના ફિક્સ વેતનથી લીગલ કન્સલ્ટન્ટની ૦૧(એક) જગ્યા પર નિમણુંક માટે અરજી કરનાર અરજદારે નીચે મુજબના પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત

નકલ અરજીપત્રક સાથે નીચે દર્શાવેલ ક્રમ અનુસાર સામેલ રાખવાની રહેશે. તેમજ રૂબરૂ મુલાકાત સમયે અસલમાં સાથે રાખવાના રહેશે.

(૧) અરજીપત્રક

(૨) કાયદાની સ્નાતક/અનુસ્નાતક ડીગ્રીનુ સર્ટીફિકેટ.

(૩) બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં નોંધણી (Registration) અંગેની સનદ.

(૪) નિયત અનુભવ અંગેનુ પ્રમાણપત્ર.(સક્ષમ અધિકારીના સહિ-સિક્કા સાથે)

(૫) કોમ્પ્યુટરની પાયાની જાણકારી ધરાવતા હોવા અંગે કોઇ પણ તાલીમ સંસ્થાનુ પ્રમાણપત્ર

(૬) અન્ય કોઇ વધારાની લાયકાત ધરાવતા હોય તો તેનું પ્રમાણપત્ર.

(૭) "Under Secretary, Women and Child Development Department, Government of Gujarat"નામનો રૂ.૧૦૦/-નો નોન-રીફંડેબલ ડીમાન્ડ ડ્રાફ્ટ(અસલમાં)